# દરેક બાળક માટે એક પ્રેમાળ પરિવાર

**મિરેકલ ફોઉંન્ડેશન ઇન્ડીયા, યુનિસેફ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર ની સયુંકત ભાગીદારીથી**

## જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ અધ્યક્ષ તાલીમ



હાઇકોર્ટ ગુજરાત જુવેનાઇલ જસ્ટીસ કમિટી ,યુનિસેફ અને મિરેકલ ફાઉન્ડેશન ઇન્ડિય ના સંયુક્ત ઉપક્રમે તારીખ 26 થી 30 જુલાઈ દરમ્યાન જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના અધ્યક્ષ (Chairperson)ની તાલીમ યોજાઈ ગઈ જેમાં રાજ્યના 32 જિલ્લાના અધ્યક્ષએ ભાગ લીધો.

જેમાં માનનીય ન્યાયાધીશ સુશ્રી સોનિયા ગોકાણી મેમ દ્વારા ભારપૂર્વક જણાવાયુ કે, “જ્યારે કિશોર બાળકને બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવે છે, ત્યારે કિશોરને તમારા પોતાના બાળક તરીકે જોવું અને તે મુજબ નિર્ણયો લેવા એ અતિ મહત્વપૂર્ણ છે. JJB ની મુખ્ય જવાબદારી છે કે તે આવાં બાળકોને સંરક્ષણ આપતા ગૃહની મુલાકાત લે અને સંભાળના ધોરણો અને બાળકોને ત્યાં કેવી રીતે રાખવામાં આવે છે તેનું નિરીક્ષણ કરે. “

> “બાળકો સાથે કામ કરવા માટે સમાનુભૂતિ અને સહિષ્ણુતા એ બંને પાયા ના સિદ્ધાંત છે”
> - શર્મિલા રે. બાળસુરક્ષા નિષ્ણાત, યુનિસેફ ગુજરાત .

નવી દિલ્હીના હક - બાળ અધિકાર કેન્દ્રના સ્થાપક સભ્ય **શ્રીમતી ભારતી અલી** દ્વારા ભારપૂર્વક જણાવ્યું હતું કે “જુવેનાઈલ જસ્ટીસ કાયદો હજી પણ અપરાધી-કેન્દ્રિત કાયદો છે. જેમાં કિશોરના પુનઃજોડાણ અને પુનર્વસન પર ભાર મૂકવામાં આવ્યો છે. અને તેથી જ તે અન્ય કાયદાથી જુદો પડે છે. કિશોરની પૂછપરછ અને આદેશ જારી કરવાની પ્રક્રિયામાં વિશેષ ધ્યાન આપવાની અને સંભાળવાની જરૂર છે.”



શ્રી આર.એ. ત્રિવેદી સભ્ય સચિવ, રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઇકોર્ટ દ્વારા જણાવ્યું કે “ જેજેબીના સૌથી મહત્વપૂર્ણ મુદ્દાઓમાંનો એક મુદ્દો આરોપી અને પીડિતની ઉંમર નક્કી કરવાનો છે. જે માટે સેક્શન 9 આ સમયે અનુસરવાની પ્રક્રિયા દર્શાવે છે જયારે અધિનિયમની કલમ 94 અનુમાન અને વયના નિર્ધારણ વિશે વિગતવાર માહિતી આપે છે.”

તેમણે જણાવ્યું કે "બાળકો સાથે કામ કરતી વખતે સંકલનની ખુબ મહત્વની ભૂમિકા છે. કારણ કે દરેક બાળકને પુનર્વસન અને ભવિષ્ય માટે અલગ-અલગ સહકારની જરૂર હોય છે. તેથી, જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ પાસે આરોગ્ય, શિક્ષણ, વ્યાવસાયિક કૌશલ્યો, આફ્ટરકેર, ફોસ્ટર કેર વગેરેના સંદર્ભમાં ઉપલબ્ધ સંસાધનો વિશે સારી જાણકારી હોવી આવશ્યક છે જે બાળકોને સ્વતંત્ર બનવામાં મદદ કરી શકે અને તેમને ફરીથી ગુનાહિત પ્રવૃત્તિઓમાં પ્રવેશતા અટકાવી શકે.

**- અનંત અસ્થાના, બાળ અધિકાર વકીલ, નવી દિલ્હી**



**શ્રી સુશ્રી નિમિષા શ્રીવાસ્તવ**, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, કાઉન્સેલ ટુ સિક્યોર જસ્ટિસ, નવી દિલ્હી.

તેણીએ વધુ ભારપૂર્વક જણાવ્યું "પુનઃસ્થાપન ન્યાય પ્રક્રિયાઓ પૂછપરછના કોઈપણ તબક્કે થઈ શકે છે. પૂછપરછ પહેલાં, પૂછપરછ દરમિયાન , અંતિમ આદેશ પહેલાં, અથવા ઓર્ડર પછી પણ થઇ શકે જે જટિલ પ્રક્રિયા છે જેમાં બંને પક્ષો સાથે ઘણી તૈયારીની જરૂર છે કારણ કે તે ક્યારેક નિષ્ફળ પણ થઈ શકે છે અને વધુ ગંભીર પરિણામો આવી શકે છે."

મિરેકલ ફાઉંડેશન ઇન્ડિયાના ઝોનલ હેડ શ્રી સુબ્રતો ચેટરજી એ જણાવ્યું કે મિરેકલ ફાઉન્ડેશન ઈન્ડિયાનો સહજ અભિગમ- ક્ષમતા નિર્માણ, પરિવારોને સશક્ત બનાવવા , અને સરકાર અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓને પરિવાર આધારિત વૈકલ્પિક સંભાળને મજબૂત કરવામાં ટેકો આપવા માટે વર્તમાન પ્રણાલીઓને મજબૂત બનાવવાનો છે. આ માટે અમે કેસ વ્યવસ્થાપન નો અભિગમ વિકસાવ્યો છે જે પ્રક્રિયા અત્યંત વ્યક્તિગત અને બાળ કેન્દ્રિત છે.

"લાંબા સમયથી પડતર કેસોનો નિકાલ કરવાનું અમે અમારા જીલ્લામાં શરૂ કર્યું છે." જેજેબીના અધ્યક્ષ ગુજરાત



## જુવેનાઇલ જસ્ટીસ સભ્ય ટ્રેનીંગ



"અમારા જીલ્લામાં પ્લેસ ઓફ સેફ્ટી છે જેમાં ગુજરાતના ઘણા જિલ્લાનાં બાળકો છે. તાલીમ પહેલાં અમે જ્યારે પ્લેસ ઓફ સેફ્ટી સ્થળની મુલાકાત લેતા હતા, ત્યારે તેઓ પોતે જ એટલા પક્ષપાતી થઇ જતા કે બાળકોને કેવી રીતે રાખવામાં આવે છે અથવા સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે તે જોતા નહોતા જે અમને હવે સમજાયું કે કોઈ બાળક જન્મથી જ ગુનેગાર હોતું નથી એને સમાજ ગુનેગાર બનાવે છે જેને સુધારવાની જવાબદારી આપની છે એટલે બાળકને યોગ્ય રીતે રાખીશું તો પ્રક્રિયા સારી રીતે કરી શકાશે." JJB સભ્ય ગુજરાત :

"અમને સમજાયું છે કે "બાળક માટે ભરવામાં આવતાં દરેક ફોર્મ ગુણવત્તાસભર ભરાય તે મહત્વપૂર્ણ છે કેમકે જો તે યોગ્ય રીતે ભરવામાં આવે તો બાળક માટે કોઈપણ આદેશ નક્કી કરતી વખતે મદદરૂપ થઈ શકે છે."

- JJB સભ્ય ગુજરાત

"અમે પાયલોટ પ્રોજેક્ટમાં કરવામાં આવેલા કામ વિશે વધુ સમજવા માટે છોટા ઉદેપુરના પ્રોજેક્ટના ગામડાઓની મુલાકાત ચોક્કસપણે લેશું અને જ્યારે પણ જરૂર પડશે ત્યારે સમર્થન પણ આપશું"

- JJB સભ્ય ગુજરાત

" બાળકોને સમુદાયમાં અને સંજોગો કે જે તેમને અપરાધ કરવા મજબૂર કરે છે તે જોવું ખૂબ જ મહત્વપૂર્ણ છે."

- JJB સભ્ય ગુજરાત

## ઇન્સ્પેકશન કમિટી તાલીમ



સુખદેવભાઈ પટેલ દ્વારા જણાવાયું કે કાયદા સાથે સંઘર્ષમાં આવેલા બાળકો પર ધ્યાન આપવું ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે તેઓ જેમાંથી પસાર થઈ રહ્યા છે તે વ્યક્ત કરવા માટે તેમને ખૂબ જ સપોર્ટ, કાઉન્સેલિંગની જરૂર છે. જેજેબીના સભ્યો તરીકે આપણે એ સુનિશ્ચિત કરવાની જરૂર છે કે સંસ્થાઓમાં બાળકો સાથે સન્માન અને આદર સાથે વ્યવહાર કરવામાં આવે અને તેઓ જે કોઈ કથિત ગુનાહિત પ્રવૃત્તિઓ કરી હોય તે માટે તેઓને લેબલ ન લાગે. આપણે આપણી બાળ સંભાળ સંસ્થાને બાળ મૈત્રીપૂર્ણ બનાવવી જોઈએ જ્યાં બાળકોને તેમના બાળ અધિકારો તેમજ મૂળભૂત અધિકારો મળી રહે.

યુનિસેફ કન્સલ્ટન્ટ સુશ્રી હેમાલી લેઉવા એ જણાવ્યું કે જેજે અધિનિયમ 2015 દ્વારા બાળ ગૃહોમાં સંભાળનું ધોરણ ફરજિયાતપણે જાળવવાનું જણાવાયેલ છે. આમાં બાળ અધિકારો સુધી પહોંચ, આરોગ્ય, શિક્ષણ, પોષણ, વ્યક્તિગત વિકાસ, વ્યાવસાયિક તાલીમ વગેરેનો સમાવેશ થાય છે. બાળ ગૃહોમાં બાળકોને અસર કરતા નિર્ણયોમાં બાળકોની ભાગીદારી પર ધ્યાન



આપવું એટલુ જ જરૂરી છે. એ સમજવું અગત્યનું છે કે કાયદાના સંઘર્ષમાં આવેલ દરેક બાળક પણ કાળજી અને રક્ષણનું જરૂરિયાતમંદ બાળક છે. જેથી જરૂરિયાતમંદ બાળકો માટે ઉપલબ્ધ યોજનાઓ કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકોને તેમના કુટુંબ અથવા સામાજિક પુનઃ જોડાણ માટે પણ આપી શકાય.

ફોર્મ 46 માં પુછાયેલ સવાલોના જવાબ મોટાભાગે "હા" કે "ના" માં લખવા પડે છે પણ જો તેને બાળકની વાસ્તવિક પરિસ્થિતિ સાથે વર્ણાત્મક રીતે પણ લખી શકાય એમ ખુલ્લા પ્રશ્નો ઉમેરી ફોર્મ સુધારવામાં આવે તો પરિવાર સાથે પુન:જોડાણ કરવામાં સરળતા રહે : ઇન્સ્પેકશન કમિટી સભ્ય ગુજરાત .

બાળ સંભાળ ગૃહમાં રહેતા બાળકોનું મનો-સામાજિક મૂલ્યાંકન ચોક્કસ સમયાંતરે થવું જોઈએ. જો માળખાકીય રીતે શક્ય ન હોય તો કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળકોનું તો થાવુજ જોઈએ : ઇન્સ્પેકશન કમિટી સભ્ય ગુજરાત .

**રજાઓ/રવિવાર/તહેવારના દિવસોમાં બાળ સંભાળ ગૃહના નિરીક્ષણનું આયોજન કરવું જોઈએ જેથી બાળકની ભાગીદારી સુનિશ્ચિત કરી શકાય:**
**- ઇન્સ્પેકશન કમિટી સભ્ય ગુજરાત .**

**સ્પેશ્યલ જુવેનાઈલ પોલીસ યુનિટ SJPU ને JJ અધિનિયમ અને જરૂરી કાર્યવાહી અંગે પણ સંવેદનશીલતા આપવાની જરૂર છે અને SJPU/CWPO જિલ્લામાં CWC અને JJB સાથે સંરેખિત હોવા જોઈએ જેથી બાળકને બિનજરૂરી રીતે તકલીફ વેઠવી ન પડે. :**
**- ઇન્સ્પેકશન કમિટી સભ્ય ગુજરાત .**

## ગુજરાત બાળ સુરક્ષા એકમ



ગુજરાત ચાઈલ્ડ પ્રોટેક્સન સોસાયટી તેની સાથે સંકળાયેલા સમગ્ર અધિકારીઓ અને હિતગ્રહીઓના ક્ષમતાવર્ધન માટે હંમેશા કૃતનિશ્ચયી છે કોરના ના કારણે ઘણા વખત થી તાલીમ કાર્યક્રમો રૂબરૂ ગોઠવાઈ શક્યાના હતા પરંતુ ઓનલાઈન તાલીમોનું આયોજન થતું રહેતું હતું પરંતુ ગુજરાત ચાઈલ્ડ પ્રોટેક્સન સોસાયટી, યુનિસેફ, મીરાકલ સંસ્થાના સહયોગ અને વિભાગની સતત રજુઆત મેડમ સાથે તેમજ સોલંકી સરના સતત માર્ગદર્શિકાના કારણે આજે એક સમગ્ર લક્ષી તાલીમોનું આયોજન રૂબરૂ કરી શકાય તેવું શક્ય બન્યું છે આ તાલીમોમાં તમારા બધા પાસે એક ખાસ અપેક્ષા છે કે તમારા જીલ્લામાં જે સારું થઇ રહ્યું છે તેનું અદાન પ્રદાન થાય અને બાળકોના હિત માં સારું શું થઇ શકે ? જેમાં બધા ની સહભાગિતા આવે ફક્ત વિભાગ એકલું આ સમગ્ર કામગીરી નહિ કરી શકે પરંતુ બધાના સહયોગ સાથે સાથે મળી અપને આ કામ કરી શકીશું. **શ્રી જગદીશભાઈ લાડુમોર પ્રોગ્રામ ઓફીસર તાલીમ ગુજરાત ચાઈલ્ડ પ્રોટેક્સન સોસાયટી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,ગુજરાત સરકાર**

બાળ સંભાળ ગૃહમાં બાળકોની સુરક્ષા સંલગ્ન નિયમો અને કાયદાનું પાલન આપણે જે રીતે કરીએ છીએ એ જ રીતે બાળકોને એમના પરિવાર જેટલીજ હુંફ મળી રહે એ પણ આપણી અગ્રતામાં રાખીએ જેથી બાળકો સાથે યોગ્ય રીતે સંવાદ થઇ શકે અને એમની સહભાગિતા સુનિશ્ચિત થઇ શકે .
- નીતીશાબેન જોશી, પ્રોગ્રામ ઓફીસર તાલીમ ગુજરાત ચાઈલ્ડ પ્રોટેક્સન સોસાયટી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગુજરાત સરકાર

## NGO મુલાકાત અને મીટીંગ

" અમે સમુદાયમાં બહેનો અને બાળકો સાથે કામ કરીએ છીએં પણ આજે ગેટકીપીંગ બાબતે જાણવા મળ્યું તો હવે તે બાબતે સતર્ક રહેશું . બાળકો માટે પરિવાર એ ખુબ જરૂરી છે. ઉત્થાન - ભાવનગર સંસ્થાના કોર્ડીનેટર જયાબેન



મીરેકલ ફાઉન્ડેશન ઈન્ડિયા- સંસ્થાએ આપણને એક મંચ પર સાથે લાવ્યા તો આવી જ રીતે ભાવનગરમાં આટલી બધી સંસ્થાઓ કાર્યરત છીએ તો આપણે બાળકોના અધિકાર માટે સહભાગી રીતે કામ કરવું જોઈએ: લતાબેન શુભમ સંસ્થાના.

"રાપરમાં તાલુકા સ્તરના સરપંચ સંગઠનો સાથે અમે ગ્રામવિકાસમાં તેમની ભૂમિકા અને બજેટને લગતા ક્ષમતા વર્ધનના કાર્યો કરીએ છીએ પરંતુ બાળ સુરક્ષા સમિતિમાં સરપંચની ભૂમિકા વિષે ક્યારેય ચર્ચા કરી નથી પણ મિરેકલ ફાઉન્ડેશન ઇન્ડીયાની મદદ થી એની પણ ચર્ચા કરી શકાય : તરુણભાઈ પરમાર સેતુ રાપર .

અમે પણ બાળકોને ચાઈલ્ડ લાઈન અંતર્ગત જયારે રેસ્ક્યુ કરીએ છીએ ત્યારેઅ બાળક અને સંલગ્ન અધિકારીને સાંકળીને સહભાગી નિર્ણય લેતાં હોઈએ છીએ એમાં જો અમને પણ પરિવાર આધારિત વૈકલ્પિક સંભાળની વિગતે તાલીમ મળે જેમાં અમે કેસ મેનેજમેન્ટ સમજીયે અને અમલીકૃત કરીએ તો તો બાળકનું પુન: જોડાણ પદ્ધત્તિસર કરી શકાય. સલીમભાઈ મારગ સંસ્થા.

## બાળ સુરક્ષા એકમ



તાલીમને કારણે અમને ખ્યાલ છે કે બાળકો માટે પરિવારનું ખુબજ મહત્વ છે આથી અમારા બાળ સંભાળ ગૃહમાં બાળકો આવે તો છે પણ આકારણીના આધારે અમે તેને તરત ઘરે અથવા યોજના સાથે જોડી પરિવાર સાથે પુન: જોડાણ કરી પરિવારમાં મોકલી આપીએ છીએ. અરવલ્લી ડીસીપીઓ - **દિલીપભાઈ બિહોલા**

## ગ્રામ બાળ સુરક્ષા સમિતિ સભ્યો



હું છેલ્લા ૨ વર્ષથી બાલ સુરક્ષા સમિતિની સભ્ય છુ ૩ કુટુંબોની જવાબદારી નિભાવું છુ, કુટુંબોની મુલાકાત કરી તેમના પ્રશ્નો જાણવા અને ખાસ બાળસુરક્ષાને લગતી સમસ્યાની માહિતી લઇ તેને જરૂરી મદદ કરવાનું મારૂ કામ છે ઘણા પ્રશ્નો ની ચર્ચા અમે બાલ સુરક્ષા સમિતિની મિટિંગ માં કરીએ છીએ ગ્રામ સભા અને કલેકટર સુધી અમે બાલ સુરક્ષાના મુદાઓ ની રજૂઆત અને પ્રશ્નો પહોચાડયા છે , કામ દમ્યાન ક્યારેક મુશ્કેલી પડે છે , સંલગ્ન વિભાગનો સહયોગ ઓછો મળે છે પણ અમે બાળકો માટે સતત કામ કરતા રહીએ છીએ પાલક માતાપિતા અને વિકલાંગ સહાય યોજના નો લાભ જરૂરિયાતમંદ પરિવારો સુધી પહોચાડ્યો છે: રાઠવા મનીશાબેન મહેશભાઈ બાળ સુરક્ષા સમિતિ મોટી દુમાંલી.

"હું સ્વય સેવક તરીકે આ યોજનામાં જોડાયો છુ અને 55 જેટલા શ્રમયોગી કાર્ડ મેં આવરી લીધેલ પરિવારોમાં ઘરે ઘરે મુલાકાત કરી લેપટોપ દ્વારા ઓનલાઈન કાર્ડ કઢાવ્યા છે બધાના કાર્ડની હાર્ડ કોપી કઢાવી દરેક પરિવારને આપી છે આ કાર્ડમાં દરેક શ્રમ યોગીને ૨ લાખનો વીમો મળશે હાલમાં પણ બાકી રહેલા પરિવારોનું કાર્ડ કાઢવાની પક્રિયા ચાલુ છે".:
- ઋત્વિક ભાઈ સ્વયમ સેવક મોટી દુમાંલી, દિપક ફાઉન્ડેશન પ્રોજેક્ટ

"હું મારા દાદી સાથે રહું છુ મારી મમ્મી નથી મારી એક નાની બહેન સાથે મારા પિતાજી મને છોડી ગયા છે (વડોદરા રેલ્વે માં નોકરી કરે છે) એક ભાઈને તેમને સાથે લઇ ગયા છે અમને કોઈ સહયોગ આપતા નથી ક્યારેક તહેવાર સમયે કપડાં લઇ આપી મદદ કરે છે બાલ સુરક્ષા સમિતિના સભ્યો એ અમારી મુલાકાત લીધી અને અમે અમારી પરિસ્થિતિની વાત કરી કે દાદી માં હવે ઘરડા થયા છે અને તેઓ અમારી વધારે સંભાળ રાખી શકે તેમ નથી દાદીમાંને પાલકમાતાપિતાની યોજના વિશે વાત કરી અને તેમાં મારા પિતાના દસ્તાવેજ ની જરૂર છે પરંતુ એક બે વાર માંગવા છતાં અમને આપતા નથી તો બાળ સુરક્ષા સમિતિના માર્ગદર્શન થી અમે ફરીવાર જઈ દસ્તાવેજ માંગીશું અને જો નહિ આપે તો બાળ કલ્યાણ સમિતિનો સહયોગ લઇ પિતાને જાણ કરી દસ્તાવેજ લેવા માટે કોશિસ કરીશું હાલમાં બાળ સુરક્ષા સમિતિ દ્વારા અમને પુરતું માર્ગદર્શન મળી રહ્યું છે".: લક્ષિત પરિવાર નું બાળક(નાની દુમાંલી)



અમારી જૂથ પંચાયતના ચારેય ગામોમાં પ્રાથમિક શિક્ષણની શાળાઓ છે પરંતુ ગામના છોકરા અને છોકરીઓને માધ્યમિક શિક્ષણ માટે તેજપુર જવું પડે છે જે છેલ્લા ગામોથી આશરે ૭ કિમી અને બાકીના ગામોને સરેરાશ 2 કિમી. દુર છે વરસાદ, ઉનાળા માં બાળકોને તકલીફ પડે છે અને ઘણી છોકરીઓ આ મુશ્કેલીના કારણે અભ્યાસ છોડી દીધો છે જયારે કલેકટર સાથે મિટિંગ થઇ ત્યારે આ પ્રશ્નની રજૂઆત કરવામાં આવી અને કલેકટર દ્વારા દરેક ગામનો પ્રાથમિક સર્વે કરવા માટે સુચન કરવામાં આવ્યું ત્યાર બાદ સમિતિના સભ્યોએ પોતાના ગામમાં સર્વે કર્યો જે મુજબ જલોદામાં ૪૩ બાળકો, ગુંગા વાડામાં ૫૪ બાળકો,નાની મોટી દુમાંલી માં ૫૫ બાળકો હતા બાળ સુરક્ષા

સમિતિએ પત્ર સાથે સર્વેની યાદી જોડી કલેકટરને આપી તેમની સુચના મુજબ બસ ડેપો મેનજર ને પણ કોપી આપવા જણાવ્યું આ માહિતી અમે બાળ સુરક્ષા સમિતિના સભ્યો તરીકે વન વિન્ડો અવેરનેસ કેમ્પમાં ગામ લોકો ને પણ આપી. રૂસનભાઈ  બાળ સુરક્ષા સમિતિ સભ્ય-જલોદા

## શિક્ષક તાલીમ

"અમે બાળકો માટે એક્સ્ટ્રાઓડીનરી કરવા માંગીએછીએ પણ આપણી શિક્ષણ પદ્ધતિ એવી રીતે સેટ થયેલી નથી" ગુંગાવાળા ટીચર:

"આપણી શિક્ષણ પદ્ધતિ અમને અભ્યાસક્રમ પૂરો કરવા તેમજ બાળકોને સંભાળવાની તક આપેછે પણ આવી તાલીમ અમને પ્રોત્સાહન પૂરું પડે છે." જલોદા ટીચર:



## લાઈફ સ્કીલ તાલીમ



ટ્રેનીગ અમને જીવનને રસપ્રદ રીતે જીવવામાં મદદરૂપ થાય છે. દુમાંલી વોલન્ટીયર:

જયારે બાળકો અમારી પાસે કોઈ પ્રશ્નોનું નિરાકરણ માંગે ત્યારે અમને આ મોડ્યુલને યાદ કરીએ છીએ ગુંગાવાડા  વોલન્ટીયર:.

"ટ્રેનીગ અમને જીવનને ખુશીથી જીવવામાં મદદરૂપ થાય છે." મોટી દુમાંલી વોલન્ટીયર:

જલોદા વોલીયેન્ટીયર: લાઈફ સ્કીલ ટ્રેનીગ બાળકો ને જ નહી પણ અમને પણ જીવનના દરેક તબ્બકે મદદરૂપ થાય છે.

"મારું હવે આયુષ્યમાન કાર્ડ થઇ ગયું છે એટલે હું હવે કોઈ પણ તબીબી કટોકટી માટે નિશ્ચિંત છું." જલોદા ગ્રામજન :

**જીવન કૌશલ્ય સંસ્કારોનું સિંચન કરે છે.  જીવન કૌશલ્ય તાલીમ જીવનનાંઘણા પ્રશ્નોને ઉદ્ભવતા રોકે છે.**
**- સેજલબેન જોશી  - તાલીમકાર જીવન કૌશલ્ય તાલીમ ISSAR**




બાળ પંચાયત સક્રિયપણે બાળકોને મદદ કરે છે અને તે બાળકોની ભાગીદારી સુનિશ્ચિત કરી રહી છે. વી.સી.પી.સી. બાળ સુરક્ષાના મુદ્દાઓને સંબોધવામાં પહેલ કરી રહી છે. સ્વયંસેવકો, જોખમમાં હોય તેવા પરિવારોને પણ મદદ કરી રહ્યા છે. આંગણવાડી કાર્યકરો, શિક્ષકો અને તલાટીઓ પણ વી.સી.પી.સી.નો ભાગ હોવાથી હવે અમે આ ગામને બાળ મૈત્રીપૂર્ણ ગામ તરીકે જાહેર કરવા તરફ આગળ વધી શકીશું. કલેક્ટર, એમ.એસ. સ્તુતિ ચરણ, છોટાઉદેપુર

For more details please connect with us:
Geeta Desai, State Head,

geeta@miraclefoundation.org

TheMiracleFoundationIndia

miraclefoundationindia

MiracleFoundationIndia.in |
MFIndia@MiracleFoundation.org | CIN No.: U93000DL2011NPL222639
Miracle Foundation India is a Section 25 registered Company